# પ્રાકૃતિક કૃષિમાં દશપર્ણી અર્ક અને સુંઠાસ્ત્રનું મહત્વ

શ્રી બિપીન એમ. વહનિયા, ડૉ. સાગર એ. પટેલ,
શ્રી રાકેશ એસ. પટેલ, શ્રી હર્ષદ એ. પ્રજાપતિ
અને ડૉ. જે. બી. ડોબરીયા

**૧. દશપર્ણી અર્કદવા:**

એક પીપ અથવા માટીના વાસણમાં ૨૦૦ લીટર પાણી લો તેમાં ૧૦ લીટર ગૌમૂત્ર નાખો ૨ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ નાખી બરાબર મિશ્ર કરો ત્યાર પછી એમાં ૫ કિ.ગ્રા. લીમડાની નાની નાની ડાળીઓના કટકા કરીને નાખો, તેમજ ૨ કિ.ગ્રા. સીતાફળના પાન, ૨ કિ,ગ્રા. કરંજના પાન, ૨ કિ.ગ્રા. એરંડાના પાન, ૨ કિ,ગ્રા. ધતુરાના પાન, ૨ કિ.ગ્રા. બીલીના પાન, ૨ કિ.ગ્રા. પપૈયાના પાન, ૨ કિ.ગ્રા. બાવળના પાન, ૨ કિ.ગ્રા. જામફળના પાન, ૨ કિ.ગ્રા. જાસૂદના પાન, ૨ કિ.ગ્રા. તરોટેના પાન, ૨ કિ.ગ્રા. બાવચીના પાન, ૨ કિ.ગ્રા. આંબાના પાન, ૨ કિ.ગ્રા. કરેણના પાન, ૨ કિ.ગ્રા. દેશી કારેલાના પાન, ૨ કિ.ગ્રા. ગલગોટા છોડના ટુકડા ઉમેરો. ઉપર જણાવેલ વનસ્પતિઓમાંથી કોઈપણ દશ વનસ્પતિ નાખો. જો આપના વિસ્તારમાં બીજી ઔષધીય વનસ્પતિઓની જાણ હોય તો તેના પણ પાન લેવા. ત્યાર પછી અડધાથી એક કિ.ગ્રા. ખાવાની તામાકુ અને અડધો કિ.ગ્રા. તીખા મરચાની ચટણી નાખવી. તે પછી એમાં ૨૦૦ ગ્રામ સુંઠનો પાઉડર તેમજ ૫૦૦ ગ્રામ હળદરનો પાવડર નાખવો, હવે તેને લાકડીથી હલાવવું, હવે આ મિશ્રણને છાંયામાં રાખી દિવસમાં ૨ વખત સવાર અને સાંજ લાકડીથી હલાવવું. આ મિશ્રણને વરસાદના પાણી તેમજ તડકાથી બચાવવું. આ મિશ્રણને તૈયાર થવામાં ૪૦ દિવસ લાગે છે. ત્યાર તેને કપડાથી ગાળી અને વાસણમાં ઢાંકીને રાખવું. આ મિશ્રણને છ માસ સુધી રાખી શકાય. ૨૦૦ લીટર પાણીમાં ૫ થી ૬ લીટર દશપર્ણી અર્ક જીવાતના નિયંત્રણ માટે છાંટવું. આ ખૂબજ સરળ અને અસરકારક છે.

કોઈ પણ પાક અથવા ફળાઉ ઝાડ ઉપર કીટનાશક દવા છાંટવા માટે ઘરે બેઠા દવા બનાવો.

૧. દશપર્ણી અર્ક દવા : દરેક પ્રકારની ચૂસીયા જીવાતો અને બધા પ્રકારની ઇયળોના નિયંત્રણ માટે.



| ક્રમ | જરૂરી વસ્તુ | પ્રમાણ |
|---|---|---|
| ૧ | પાણી | ૨૦૦ લીટર |
| ૨ | દેશી ગાયનું ગૌમૂત્ર | ૧૦ લીટર |
| ૩ | દેશી ગાયનું છાણ | ૨ કિ.ગ્રા. |
| ૪ | હળદરનો પાવડર | ૫૦૦ ગ્રામ |
| ૫ | આદુની ચટણી | ૫૦૦ ગ્રામ |
| ૬ | હીંગનો પાવડર | ૧૦ ગ્રામ |
| ૭ | ખાવાની તમાકુનો પાવડર | ૧ કિ,ગ્રા |
| ૮ | તીખા મરચાની ચટણી | ૫૦૦ ગ્રામ |
| ૯ | લસણની ચટણી | ૫૦૦ ગ્રામ |
| ૧૦ | લીમડાના ઝાડની નાની નાની ડાળીઓ | ૨ કિ.ગ્રા. |
| ૧૧ | કરંજના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૨ | એરંડાના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૩ | બીલીના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૪ | આંબાના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૫ | ધતૂરાના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૬ | તુલસીની ડાળીઓ ફૂલ–પાન સહિત | ૨ કિ.ગ્રા. |
| ૧૭ | જામફળના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૮ | દેશી કારેલાના પાન | ૨ કિ.ગ્રા. |
| ૧૯ | પપૈયાના પાન | ૨ કિ.ગ્રા. |
| ૨૦ | બાવળના પાન | ૨ કિ.ગ્રા. |
| ૨૧ | સીતાફળના પાન | ૨ કિ.ગ્રા. |
| ૨૨ | સૂંઠનો પાવડર | ૨૦૦ ગ્રામ |

ઉપર દર્શાવેલ વનસ્પતિઓમાંથી કોઈપણ ૧૦ નાખવાની છે. પહેલી પાંચ મહત્વની છે.

**રીતઃ** ઉપર દર્શાવેલ બધી વનસ્પતિઓ એક પીપમાં નાખી લાકડીથી ઘડીયાળના કાંટાની દિશામા દિવસમાં બે વખત એટલે કે સવાર–સાંજ હલાવવું. આ મિશ્રણને છાંયામાં રાખવું અને પાણી તેમજ તડકાથી બચાવવું. આ દવાને તૈયાર થવા માટે ૪૦ દિવસ રાખો ત્યાર બાદ કપડાથી ગાળી સંગ્રહ કરો.

ઉપયોગની સમય મર્યાદા : ૬ મહિના
છંટકાવ પાણી : ૨૦૦લીટર
દશપર્ણી દવા : ૫/૬ લીટર

**૨. સુંઠાસ્ત્ર :**

૨૦૦ ગ્રામ સુંઠ અથવા વાવડીંગ પાઉડરને ૨ લિટર પાણીમાં એટલું ઉકાળો કે અડધુ થયા બાદ ઠંડુ પાડો, બીજા વાસણમાં ૨ લિટર દૂધને ધીમા તાપે ઉકાળી મલાઈ કાઢી નાંખવી, ૨૦૦ લિટર પાણીમાં ઉપરનો ઉકાળો અને દૂધ મિક્ષ કરી ૨ કલાક બાદ છોડ ઉપર ઉપયોગ કરવો.

| ક્રમ | જરૂરી વસ્તુ | પ્રમાણ |
|---|---|---|
| ૧ | પાણી | ૨૦૦ લીટર |
| ૨ | સુંઠ અથવા વાવડીંગ પાઉડર | ૨ કિ.ગ્રા. |
| ૩ | દૂધ | ૨ લિટર |

"આ લેખ ફક્ત ખેડૂતોને વિવિધ પાકોની આધુનિક ટેકનોલોજી અંગે જાણકારી પુરી પાડવા માટે જ છે. જ્યુડીશીયલ મેટર માટે નથી"



NAVSARI AGRICULTURAL UNIVERSITY

भाकृ अनुप
ICAR

# પ્રાકૃતિક કૃષિમાં દશપર્ણી અર્ક અને સુંઠાસ્ત્રનું મહત્વ



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી
વઘઈ – ૩૯૪૭૩૦
પ્રકાશન નં. NAU/04/07/080/2023

વર્ષ : ૨૦૨૨–૨૦૨૩